ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૫ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરની શાળા-કોલેજોમાં શિક્ષક દિનની ઉજવણી

શહેરમાં શિક્ષક દિન નિમિત્તે બાળગુરૂઓના કિલ્લોલથી વાતાવરણ ગુંજી ઉઠ્યું : શહેરમાં વિવિધ શાળા-કોલેજોમાં શિક્ષક દિનની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૫

શિક્ષા.. ક્ષમા.. કરૂણાનો ત્રિવેણી સંગમ એટલે શિક્ષક. શિક્ષક દાનવમાંથી માનવ અને માનવમાંથી મહામાનવ બનાવવાનું ભગીરથ કાર્ય કરે છે. એટલે જ ચાણક્યના શબ્દો યાદ આવે છે.. શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલ રહે હૈ.. પાંચમી સપ્ટેમ્બર એટલે આપણા મહામહીમ શિક્ષકની સફર ખેડીને રાષ્ટ્રપતિ પદ ઉપર પહોંચેલા ફિલોસોફર એવા ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ. જેને આપણે શિક્ષક દિન તરીકે ઉજવીએ છીએ. શિક્ષક જ એક એવો કર્તવ્યનિષ્ઠ છે કે બેલના ટકોરા પહેલા હાજર થાય છે અને બેલના ટકોરા બાદ જ જાય છે. શિક્ષક જ બાળકોના સર્વાંગી વિકાસમાં પાયાની ભુમિકા ભજવે છે. શિક્ષક જ પોતાના વર્ગખંડમાંથી કલેકટર, શિક્ષક, અભિનેતા, રાજનેતા બનાવીને મુકે છે. ત્યારે આજે ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આખો દિવસ બાળગુરૂઓના કિલ્લોલથી વાતાવરણ ગુંજ્યું હતું.

પ્રતાપસિંહ હીન્દી વિદ્યાલયમાં શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૫

પ્રતાપસિંહજી હીન્દી વિદ્યાલયમાં ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દીવસના ઉપલક્ષમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના બાળકોઓએ પ્રાર્થના ગીત અને સ્વાગત નૃત્ય પ્રસ્તુત કર્યા હતા. તેમજ મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રવચન અને પુષ્પ ગુચ્છથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ શિક્ષક દિવસના કાર્યક્રમે બેન્ક ઓફ મહારાષ્ટ્રના મેનેજર નિતેશ જૈન ઉપસ્થિત રહયા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એક દિવસ માટે શિક્ષક બનીને શાળાના કાર્યનો ભાર સંભાળ્યો હતો. જેમાં શાળાના મે.ટ્રસ્ટી તરીકે રાહુલ મોર્ય, ટ્રસ્ટી તરીકે લુહાર બરખા અને આચાર્ય તરીકે વિકાસ કુમાર તેમજ અર્જુન આરમ અંગ્રેજી માધ્યમના આચાર્ય તરીકે સુથાર રામચંદ્ર તથા શ્રેષ્ઠ શિક્ષકો તરીકે ઉપસ્થિત મહેમાનોના હસ્તે ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીના વ્યાખ્યાનનું જીવંત પ્રસારણ પણ નીહાળ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી વાઘેલા અર્જુનસિંહ તેમજ થનગનાટ કલ્ચર ફોરમના દિનારબેન નાયાણીએ શુભેચ્છા પાઠવી હતી અને શાળાના ઉપાચાર્ય નરેન્દ્રસિંહ તેમજ અર્જુન આશ્રમ અંગ્રેજી માધ્યમના આચાર્ય ઋષિકુમાર યાદવ અને શાળાના શિક્ષક રવિ યાદવ અને મોટી સખ્યામાં વાલીઓ હાજર રહયા હતા.

જે.એમ.ચૌધરી શાળામાં શિક્ષક દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૫

જે.એમ.ચૌધરી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય ખાતે ગ્રાન્ટેડ વિભાગમાં શિક્ષક દિનની ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને સાથા અર્થમાં શિક્ષક બનીને સારી રીતે કાર્ય કર્યું હતુ અને સમગ્ર શાળા સંચાલન કર્યું હતું. માધ્યમિક વિભાગમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓ મોટી ચિરાયુ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બ્રાહ્મણ સોનલ સારી રીતે ફરજ બજાવી હતી અને ઉત્સાહપૂર્વક કાર્યક્રમ પૂર્ણ થયો હતો. જેમાં માધ્યમ વિભાગમાં બ્રાહ્મણ મિતુલ, મેર અજય, પટેલ સ્મિત તેમજ ઉચ્ચતર વિભાગમાં પરમાર હીનલ, પ્રજાપતિ પ્રિયા, ચાવડા સ્મિતાએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન શાળાના મનોરંજન મંત્રી રાધિકાબેન શુકલ અને ઝલકબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય પ્રવિણાબેને માર્ગદર્શન આપ્યું હતું અને આભાર વ્યક્ત કર્યો હતો.

નવા કોબા ક્લસ્ટરની જુના કોબા પ્રાથમિક શાળામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રેડિયન્ટ સ્કુલમાં શિક્ષક દિન ઉજવવામાં આવ્યો

સરગાસણ સ્થિત ટીપી નં.૯માં આવેલ રેડિયન્ટ સ્કુલ ઓફ સાયન્સમાં શિક્ષક તેમજ દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષક સમુદાયના માનમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૪૮ જેટલા વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ભાગ લઈ એક દિવસ માટે મેનેજમેન્ટ, શિક્ષક, એડમીન અને સેવક ભાઈ બહેનની ભુમિકા અદા કરી હતી. પોતાના ગુરૂઓના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી વર્ગમાં ઉત્તમ શિક્ષણ કાર્ય કર્યું હતું.

લિયો કીડ્સ ખાતે શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૫

ભારત રત્ન, મહાન શિક્ષક પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના સ્મરણાંજલિરૂપે સમાજની ઉત્તમ સેવા કરી રહેલા સારસ્વતમિત્રો ઉત્તમ સેવા કરી રહેલા સત્વશીલ શિક્ષકત્વના માનમાં પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિન ઉજવાય છે જેના ભાગરૂપે જિલ્લાની જેઠીપુરા ગામની ગીફટ સીટી પાસે આવેલા લીયો કીડસમાં શિક્ષક દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના ભુલકાંઓએ શિક્ષકની ભુમિકા રૂપે શિક્ષણ કાર્ય કરવામાં અનેરો ઉત્સાહ દાખવ્યો હતો.

ડિવાઈન પ્રિસ્કુલમાં શિક્ષક દિનની ઉજવણી

સરગાસણ અને સેક્ટર પની ડિવાઈન જુનિયર પ્રિ-સ્કુલ માં શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાનાનાના ભૂલકા શિક્ષક બનીને આવ્યા હતા. આ સંસ્થા ના સ્થાપક ગીરાબેન ચૌધરી આવા અવનવા કાર્યક્રમો કરીને બાળકોને જ્ઞાન સાથે ગમ્મતનું સચોટ ઉદાહરણ પૂરું પાડે છે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે શિક્ષક દિવસની ઉજવણી

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે શિક્ષક દિવસની ઊજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિક્ષણ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા કવિ અને પૂર્વ સનદી અધિકારી એવા ભાગ્યેશ જહા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના આરંભે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે ભાગ્યેશ જહાનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને આજના વિશેષ દિવસે શિક્ષકનો મહિમા પ્રગટ કર્યો હતો. વધુમાં, તેમણે ગુરુ એટલે ઉત્તમ વિચાર પ્રેરનાર અને તેને આચારમાં પરિણમવા માટે બળ પૂરું પાડનાર સ્રોત તરીકે વ્યાખ્યાબદ્ધ કર્યા હતા.ત્યાર પછી કાર્યક્રમના અતિથિ વિશેષ એવા ભાગ્યેશ જહા પોતાનું બીજ વક્તવ્ય આપ્યું હતું. તેમના બીજ વક્તવ્યમાં તેમણે શિક્ષક, આચાર્ય અને ગુરુ એમ ત્રિઆયામી વ્યક્તિત્વની વાત કરતા જણાવ્યું હતું કે શિક્ષકની શાખ એને પુનઃ સ્થાપિત કરવાની આવશ્યકતા છે. આજનો શિક્ષક કૉસ્મિક એન્ટિટી બને અને વિદ્યાર્થીમાં અણિયાળી જિજ્ઞાસાને પ્રજ્વલિત કરે તે આજના સમયની આવશ્યકતા છે, તેવુંતેમણે જણાવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ એવા ડૉ. હર્ષદ પટેલ સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ રહ્યા હતા. કાર્યક્રમના અંતે એક દિવસના શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને કુલપતિ અને જહા સાહેબ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણ કેન્દ્રના નિયામક પ્રો.બી.ડી.ઢીલા દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉમા આર્ટસ-નાથીબા કોમર્સ કોલેજ ખાતે સ્વયં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૫

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે સ્વયં શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. જેમાં સમગ્ર કોલેજનું શૈક્ષણિક તેમજ વહીવટીય કાર્ય કોલેજની વિદ્યાર્થિઓ દ્વારા કરવામા આવ્યું હતું. શિક્ષક દિનની સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ.હીના મહેતા, ડૉ.જેરામભાઈ પટેલ તથા ડૉ.રાકેશભાઈ પ્રજાપતિએ સેવાઓ પૂરી પાડી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજનાં આચાર્ય ડૉ. હરિતભાઈ પટેલનો ખૂબજ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ દિવસના કોલેજના આચાર્ય તરીકે કુ.પટેલ ધ્રુતિએ ફરજ બજાવી હતી.

સરકારી વાણિજ્ય કોલેજ ખાતે શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૫

સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર ૧૫ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અધ્યાપન લાઈબ્રેરી તેમજ વહીવટી કાર્ય સંભાળ્યું હતું. સંસ્થાના આચાર્ય તથા સ્ટાફ પરિવાર દ્વારા સર્વને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ શિક્ષક દિન વિશે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું તેમજ શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

એસ.કે.રાજપૂત સ્કુલ દ્વારા શિક્ષક દિનની ઉજવણી

યુનિક વિદ્યા સંકુલ એસ.કે રાજપુત સ્કૂલ ગાંધીનગરમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો શિક્ષક બનીને શિક્ષકની ભૂમિકા નિભાવી હતી. જેમાં વિવિધ શિક્ષણવિદો જીવન ચરિત્ર ઉપર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના દિવસે શિક્ષક બનેલા તમામએ અનુભવો નું વર્ણન કર્યું હતું.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૫

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા અપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી જોર શોરથી કરવામાં આવી હતી. શાળાના ૫૨ જેટલા વિદ્યાર્થીઓ જે આજના વિશિષ્ટ દિવસ પૂરતા વિદ્યાર્થીમાંથી શિક્ષક બન્યા હતા. તેમને પ્રોત્સાહિત કરવા બૂક, ચોકલેટ અને પેનનું વિતરણ કરવામાં આવ્યું હતુ. પ્રમુખ લાયન ડિમ્પલબેન દેસાઈ, સ્કૂલ પ્રિન્સિપાલ લાયન રૂપલબેન બીહોલા તથા સ્કૂલ શિક્ષકગણ અને સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સે-૩૦ પ્રા. શાળામાં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૫

આજરોજ સેક્ટર ૩૦ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી શાળાના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું વિદ્યાર્થીઓને આ દિવસે શિક્ષણકાર્ય કરાવવામાં ખૂબ જ મજા આવી ભવિષ્યમાં શિક્ષક બનીશું એવો નિર્ણય વિદ્યાર્થીઓએ કર્યો હતો.

આરાધના ખાતે ઉજવાયેલ સ્વયં શિક્ષક દિન

સમગ્ર ભારત દેશમાં પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિન તરીકે ઉજવાય છે ત્યારે આરાધના વિદ્યાવિહાર ખાતે પણ ધો.૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સ્વયં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૨૫ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષક તરીકે ભુમિકા ભજવી હતી. ધો.૧૦ના ભરવાડ કિશને આચાર્યની તરીકે ફરજ બજાવી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ અને શિક્ષકોનું સન્માન કરવાનો દિવસ છે. વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના બાળકો એ પણ શિક્ષક બની અને અલગ-અલગ ક્લાસમાં અલગ-અલગ વિષયો લઈ બાળકોને ખૂબ સારી રીતે ભણાવ્યા હતા.

સરસ્વતી વિદ્યાલયમાં શિક્ષક દિનની ઉજવણી

સરસ્વતી વિદ્યાલય ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો.૮થી ૧૨ના વિદ્યાર્થીઓએ રૂચિ પ્રમાણે વિષય પસંદગી કરીને શિક્ષક બન્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પટેલ ધુળીબેન વિઠ્ઠલભાઈ ઉ.વ.૮૫, ભાટ
- સ્વ.કોરી અરૂણકુમાર નંદલાલ ઉ.વ.૪૩
- સ્વ.દંતાણી ભરતભાઈ બચુભાઈ ઉ.વ.૨૭, સેકટર-૨૮, ચરેડી
- સ્વ.પ્રજાપતિ સોનલબેન શૈલેષભાઈ ઉ.વ.૪૦, વાવોલ

જન્મદિને વધામણી

મનીષા મનીષ ખત્રી
વૃંદા ડ્રેસીસ, ગાંધીનગર
મો. ૯૮૨૪૪ ૪૦૬૩૨

અનિલકુમાર કાંતિલાલ નાયી
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

વિક્રમ સુરેશભાઈ દેસાઈ
મો. ૯૦૫૪૧ ૮૪૮૭૮

પ્રજાપતિ વનિતાબેન એમ
મો. ૭૬૯૮૩ ૧૬૧૬૪

જેનિશ જયદીપભાઈ પટેલ